# સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કસોટી

**વિષય: સામાજીક વિજ્ઞાન** **દ્વિતીય સત્ર** **ધોરણ: ૭**

**સમાવિષ્ટ પ્રકરણ: ૧,૨,૩** **ગુણ: ૨૦**

---

**પ્રશ્ન: ૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી સાચા વિકલ્પ સામે ખરાની નિશાની કરો.**

**ગુણ:(૫)**

(૧) કયા રાજાના સમયમાં અણહિલવાડ પાટણ વિદ્યાનું ધામ બન્યું હતું?

( ) સિદ્ધરાજ જયસિંહ ( ) કુમાળપાળ ( ) અજયપાળ ( ) મૂળરાજ સોલંકી

(૨) ભારતમાં કયા પવનોને લીધે વરસાદ પડે છે?

( ) પશ્ચિમિયા ( ) વ્યાપારી ( ) મોસમી ( ) નૈઋત્યના

(૩) વન્ય પ્રાણીઓનું જીવન શાથી સંકટમાં મૂકાયું છે?

( ) ઉદ્યોગોના પ્રદૂષિત પાણીના કારણે ( ) ખનીજોના અમર્યાદ ખોદકામના કારણે
( ) જંગલોના વિનાશના કારણે ( ) વન્ય પ્રાણીઓના ગેરકાયદેસર વેપારના કારણે

(૪) ન્યાયતંત્રને ઝડપી અને બિનખર્ચાળ બનાવવા માટે કોણ કામ કરે છે?

( ) લોક અદાલતો ( ) ન્યાય પંચાયતો ( ) ન્યાય સમિતિઓ ( ) ન્યાયાધીશો

(૫) ગુજરાત રાજયની વડી અદાલત કયા શહેરમાં આવેલી છે?

( ) ગાંધીનગર ( ) રાજકોટ ( ) અમદાવાદ ( ) વડોદરા

**પ્રશ્ન: ૨ નીચે આપેલા જોડકામાં (અ) વિભાગ સામે (બ) વિભાગમાંથી યોગ્ય જવાબ શોધીને તેનો સાચો ક્રમ લખો.** **ગુણ: (૫)**

| (અ) | | (બ) |
|---|---|---|
| (૧) રાણીની વાવ | [ ] | (૧) અસમ |
| (૨) કાઝીરંગા | [ ] | (૨) જૂનાગઢ |
| (૩) સૂર્યમંદિર | [ ] | (૩) મધ્ય પ્રદેશ |
| (૪) કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન | [ ] | (૪) મોઢેરા |
| (૫) ગીર રાષ્ટ્રીય અભયારણ્ય | [ ] | (૫) પાટણ |

**પ્રશ્નઃ ૩ નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **ગુણઃ (૫)**

(૧) ભારતમાં બધે એક સરખો વરસાદ પડે છે. [ ]

(૨) આબોહવાની માનવજીવન પર નહિવત અસર પડે છે. [ ]

(૩) ધ્વનિશોષક પડદામાં અબરખ નામની ખનીજનો ઉપયોગ થાય છે. [ ]

(૪) આપણા દેશનું ન્યાયતંત્ર સ્વતંત્ર અને નિષ્પક્ષ છે. [ ]

(૫) રાજમાતા મીનળદેવીએ પ્રજાના કલ્યાણ માટે વાવ બંધાવી હતી. [ ]

**પ્રશ્નઃ ૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.** **ગુણઃ (૫)**

(૧) આબોહવા એટલે શું?

..........................................................................................................................................

..........................................................................................................................................

(૨) ધાતુમય ખનીજો કઈ કઈ છે?

..........................................................................................................................................

..........................................................................................................................................

(૩) સોલંકી વંશમાં કયા કયા મહાન રાજાઓ થઈ ગયા?

..........................................................................................................................................

..........................................................................................................................................

(૪) હેમચંદ્રાચાર્યે કયો ગ્રંથ લખ્યો હતો?

..........................................................................................................................................

..........................................................................................................................................

(૫) અદાલતમાં કોણ કોણ હોય છે?

..........................................................................................................................................

..........................................................................................................................................